**સમરી દી. મુ. નંબર:- 01-2026**

**<u>આંક 15 નીચે હુકમ</u>:-**

**(1)** પ્રતિવાદીની સદર અરજીની હકીકત જોવામાં આવે તો, પ્રતિવાદી વાદીનો દાવો ખરો ન હોવાનું જણાવી, પ્રતિવાદીએ વાદી વીસી ચલાવતા હોય અને 20 જેટલા વ્યક્તિઓનું ગ્રુપમાં નાણાકીય લેવડદેવડ થતી હતી, અને નાણાં લેનારે વ્યાજ સાથે રકમ પરત ભરવાની હોય અન્ય વ્યક્તિઓ સાથે વાદી વીસી ચલાવતા હોય તે માટે પ્રતિવાદી પાસેથી વાડીએ છીએ કે મેળવેલ, વળી વહીવટ કરનાર વ્યક્તિ પાસેથી હિસાબ રજૂ કરવામાં આવે, તેવી પ્રતિવાદીની રજૂઆત છે. વાદીએ આ પોતાનો અંગત વ્યવહાર હોવાની ખોટી રજૂઆત વાદીએ કરેલ છે. જેથી પ્રતિવાદી નો દાવામાં બચાવ થઈ શકે તેવા સંજોગો હોય બચાવ કરવા પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

**(2)** પ્રતિવાદી તરફે પોતાની અરજીના સમર્થનમાં દલીલ કરતા વકીલ શ્રી જે એમ શાહ જણાવે છે કે ઓર્ડર 37 અનુસાર હાલનો દાવો પ્રોમિસરી નોટ, હૂંડી અને બિલ ઓફ એક્સચેન્જ આધારે જ થઈ શકે, જ્યારે વાદીએ હાલનો દાવો ચેક આધારે કરેલ છે, જે ચાલી શકે નહીં. તેથી વિશેષ ચેક એકલો સફીશીયન્ટ નથી, તેની સાથે એકાઉન્ટ પણ રજૂ કરવું જોઈએ, જે કરવામાં આવેલ નથી. વાદીએ જે વ્યવહાર અંગેની હકીકત જણાવેલી છે તે વ્યવહાર પુરવાર કરવા જરૂરી દસ્તાવેજી આધાર રજૂ કરવું જોઈએ. જે વ્યવહાર અંગેની રકમ હોવાની વાદી રજૂઆત કરે છે તે કેસ તેઓએ વિથડ્રો કરી દીધો છે . જેથી સમગ્ર હકીકતે પ્રતિવાદીને દાવામાં બચાવ થઈ શકે તેવા સંજોગો હોય રજૂ કરેલા ચુકાદા આધારે બિનશરતી લીવ ટુ ડિફેન્સ મંજૂર કરવા વિનંતી કરેલ છે. વધુમાં પોતાની દલીલ ના સમર્થનમાં ત્રણ સાઇટેશન રજૂ કરેલા છે, જેની યોગ્ય જગ્યાએ ચર્ચા કરવામાં આવેલ છે.

વાદી તરફે દલીલ કરતા શ્રી ડી જે સેવક જણાવે છે કે, હાલનો આ ચેક, નેગોસીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 તળેની કરવામાં આવેલ તે કેસમાં સમાધાન પેટે આપેલ ચેક છે, આ સમાધાન પુરશીશ નિશાની 3/6 થી રજૂ કરવામાં આવેલ છે. સદર ચેક બેંકમાં રજૂ કરી પરત ફર્યા બાદ પણ પ્રતિવાદીએ બહાના બતાવી સમય વ્યતિત કરેલ છે. આમ વાદી દ્વારા રજૂ કરવામાં આવેલા તમામ દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો પ્રતિવાદીએ પોતે જ પોતાની સહી કરી આ ચેક આપ્યા નું નામદાર કોર્ટ સમક્ષ જાહેર કરેલ હોય, તેને પ્રથમ દર્શનીય રીતે નહીં માનવાને કોઈ કારણ નથી. આમ પ્રતિવાદી ખોટી રજૂઆતો કરતા હોય તેઓને લીવ ટુ ડિફેન્સ ની અરજીના મંજુર કરવા વિનંતી કરે છે.

**(3)** વાદીએ હાલનો દાવો cpc ઓર્ડર 37 મુજબ સમરી ટ્રાયલ થી ચલાવવા દાખલ કરેલ છે. જે લગત આ કામના પ્રતિવાદીને સમન્સ બજી જવા છતાં તેઓ હાજર થયેલા, અને એટેન્ડન્સ પુરશિષ આપેલી, ત્યારબાદ વાદીને cpc ઓર્ડર 37, રૂલ 3(4)મુજબ સમન્સ ફોર જજમેન્ટ નમુના નંબર 4 એ મુજબનો ઇસ્યુ કરવામાં આવેલ. જે સમન્સ ફોર જજમેન્ટ પ્રતિવાદીને બજેલ છે. પ્રતિવાદી

તેમના વકીલશ્રી મારફતે હાજર થઈ, ત્યારબાદ હાલની આ અરજી આપી ડિફેન્સ કરવા દેવા વિનંતી કરેલ છે.

**(4)** આમ સમગ્ર રેકર્ડ ઉપર રજૂ થયેલ દસ્તાવેજો તેમજ પ્લીડિંગ્સ જોવામાં આવે તો વાદીએ હાલનો આ દાવો પ્રતિવાદીની સહી વાળો ચેક પરત ફર્યા બાદ સમયમર્યાદામાં એટલે કે ત્રણ વર્ષની અંદર દાખલ કરેલ છે. વાદીના જણાવ્યા અનુસાર હાલનો આ દાવો ક્રિમિનલ કેસ નંબર 329/2024 માં થયેલ સમાધાન પેટી નિશાની 3/6 વાળી પુરસીસ માં જણાવ્યા પ્રમાણે આપવામાં આવેલ છે. જેથી વાદીનું કાયદેસરનું લેણું બાકી હોય હાલનો આ દાવો દાખલ કરેલ છે. જ્યારે પ્રતિવાદી એ પોતાની આંક 15 ની આ અરજીમાં પોતાનો ડિફેન્સ વર્ણવેલ છે, તે જોતા દાવાની હકીકતો થી તદ્દન અલગ વાદી વીસી ચલાવતા હોવાનું, અને એકાઉન્ટ રજૂ કરેલ ન હોવાનું જણાવે છે. આમ, ઉભય પક્ષની દલીલો અને રેકડ જોતા જ્યારે પ્રતિવાદી દ્વારા કોર્ટ રૂબરૂ નિશાની 3/6 વાળી જાહેર કરેલી હકીકત જોતા પ્રતિવાદી પાસે બચાવનો સારો વિકલ્પ નથી. પરંતુ પ્રતિવાદી દાવાનો બચાવ કરવા માંગતા હોય તેઓને એક તક આપી તેઓ જણાવે છે એવી કોઈ હકીકતો નું અસ્તિત્વ પુરવાર કરવા દેવું જોઈએ તેમ હું માનું છું. જેથી પ્રતિવાદી જણાવે છે તેવી હકીકતો પુરાવાનો વિષય છે, અને પુરાવો લીધા સિવાય તેઓ વચ્ચેના વ્યવહારો કે લીગલ ડેપટ નક્કી થઈ શકે તેમ નથી. આ સંજોગોમાં પ્રતિવાદીએ નામદાર કોર્ટ ગ્રુપ ચેક આપેલ હોવાની પુરશીશ વાદીએ રજૂ કરેલ છે ત્યારે, પ્રતિવાદીને બચાવની તક શરતોને આધીન આપવા માટેનુ પૂરતું અને વ્યાજબી કારણ જણાઈ આવે છે, એટલું જ નહીં cpc ઓર્ડર 37, રુલ 5ના પ્રોવિઝનો ધ્યાને લેતા દાવાની રકમ કોર્ટમાં ડિપોઝિટ કરાવવા હુકમ થઈ શકે તેમ છે. હાલના અમારી સમક્ષ ના દાવામાં વાદી અને પ્રતિવાદી વચ્ચે વ્યવહારો થયેલાનું જણાઈ આવે છે, પરંતુ વાદીએ ચેક આધારે હાલનો આ દાવો કરેલ છે તે ઉપરની સહી પ્રતિવાદીની છે તે પ્રાથમિક રીતે માની લેવામાં આવે તો, પ્રતિવાદી પાસે કોઈ સચોટ અને સારો બચાવ હાલના તબક્કે રેકર્ડ ઉપર આવેલ નથી, જેથી બિનશરતી બચાવ આપવા માટેના ગ્રાઉન્ડ જણાઈ આવતા નથી. આમ નામદાર સુપ્રીમ કોર્ટ ના **Mrs. Raj Duggal vs. Ramesh Kumar Bansal, 1991(1) GLH 138** તથા **Mechelec Engineers and Manufacturers Vs. Basic Equipment Corporation, AIR 1977 SC 577** માં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો અનુસાર, હાલના દાવામાં વાદી તરફે રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો અને પ્રતિવાદી તરફેની હાલની આ અરજી જોવામાં આવે તો પ્રતિવાદી તરફે જે તકરાર લેવામાં આવી છે તે જોતા ટ્રાયબલ ઇસ્યુ છે તેમ માનવાને કારણ છે. સાથે સાથે પ્રતિવાદી તરફે રજૂ કરવામાં આવેલ **દિનેશભાઈ ખીમજીભાઇ પટેલ વિરુદ્ધ પરેશભાઈ દેવીલાલ શંખેશરા** નો ચુકાદો માનસઃ વંચાણે લેતા તેમાં બિનશરતી લીવ ટુ ડીફેન્સ મંજુર કરવામાં આવેલ છે, પરંતુ આ કેસની હકીકતો જોવામાં આવે તો તેમાં વ્યાજની રકમ માટે દાવો કરવામાં આવેલો, જ્યારે હાલના કેસમાં કોર્ટ સમક્ષ નક્કી થયેલ રકમ અનુસાર નો કોર્ટ સમક્ષ આપવામાં આવેલો ચેક હોય બિનસરતી લીવ ટુ ડિફેન્સ

મંજુર કરી શકાય તેવા સંજોગો નથી, તેમ છતાં પ્રતિવાદીને એક તક આપવા સારું, નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

- પ્રતિવાદીની આંક 15 ની લીવ ટુ ડિફેન્સની અરજી આથી શરતી મંજૂર કરવામાં આવે છે, અને પ્રતિવાદીએ વાદીએ માંગ્યા મુજબની લેણી રકમ રૂપિયા ₹277850/- ની 70% રકમ કોર્ટમાં દિન-15માં ડિપોઝિટ કરેથી લીવ ટુ ડિફેન્સમાં જણાવેલ કારણો મુજબ બચાવ કરવાની શરતી પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ સહિત રદ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ 03 મી, માહે-જુલાઇ સને 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ: વિરપુર

તારીખ: 03/07/2026.

( દિલીપસિંહ જસવંતસિંહ ભાટી)
GJ01460
પ્રિન્સિપાલ સિવિલ જજ, વિરપુર.